આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-22-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## સંસદનું બજેટ સત્ર

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આ પૂર્વે સરકારે બંને ગૃહોનું યોગ્ય સંચાલન સુનિશ્ચિત કરવા માટે સર્વદળીય બેઠક બોલાવી હતી. બેઠક બાદ સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સરકાર કોઈ પણ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે. તેમણે ઉમેર્યું કે સંસદ યોગ્ય રીતે સંચાલિત થાય તે સરકાર અને વિપક્ષ બંનેની જવાબદારી છે. સંસદનું બજેટ સત્ર 12 ઓગસ્ટ સુધી ચાલશે. આવતીકાલે કેન્દ્રીય બજેટ રજૂ થશે.

નેશનલ ન્યુઝ

---

## વિશ્વ ધરોહર સમિતિ બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વિશ્વ ધરોહર સમિતિના 46મા સત્રનું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં યુનેસ્કોના મહાનિદેશક ઑડ્રે એજોલે તેમજ 150 દેશોના બે હજારથી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા છે. આ પૂર્વે શ્રી મોદીએ આ પ્રસંગે યોજાયેલી પ્રદર્શિનનું નિરીક્ષણ કર્યું હતું. ભારતમાં પ્રથમ વખત વિશ્વ ધરોહર સમિતિની બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠક 21થી 31 જુલાઈ સુધી ચાલશે.

નેશનલ ન્યુઝ

---

## ચાંદીપુરા વાયરસ – રાજ્ય મેગા ડ્રાઈવ

રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી સંક્રમિત બાળકોના કેસોની સંખ્યા વધી રહી છે. ત્યારે રાજ્યમાં ચાંદીપુરા વાઇરસને અટકાવવા સરકાર દ્વારા તમામ ગામોમાં દવા અને સ્પ્રે છંટકાવની મેગા ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે.. મચ્છર અને પાણીજન્ય રોગચાળાને અટકાવવા આરોગ્ય વિભાગ સઘન કામગીરી કરાઇ રહી છે. વરસાદી ઋતુ હોવાથી પાણી કે મચ્છરજન્ય રોગચાળાને પણ અટકાવવા માટે અગમચેતીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં મેલેથિયોન અને અન્ય દવા તેમજ સ્પ્રે છંટકાવની કામગીરી કરાઇ રહી છે..

**RNU અમદાવાદ**

---

## વરસાદ રાજ્ય

હવામાન વિભાગે આગામી 24 કલાક માટે સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ત્યારે કચ્છ, નર્મદા, ડાંગ, ભરૂચ, તાપી, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર અને દીવ જેવા જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તો ગઈકાલે મુંદરામાં ઝરમર ઝાપટાને બાદ કરતા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વાદળ છાયું વાતાવરણ રહ્યું હતું. આજે સવારે ભુજ અને આસપાસના વિસ્તારમાં ઝરમર ઝાપટા વરસ્યું હતું. તો વરસાદના પગલે વરાપ નિકળતા ખેડૂતો ખેતર તરફ વળ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## નગરપાલિકા – રોડ રસ્તા

રાજ્ય સરકારે શહેરી વિસ્તારોના રસ્તાઓને ચોમાસા દરમિયાન થતાં નુકસાનને નિવારવા સમારકામ માટે ૧૦૦ કરોડ રૂપિયાની રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

RNU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૫૭ નગરપાલિકાઓમાં રસ્તાના રિપેરીંગ-રિસરફેસીંગની કામગીરી માટેના કામો હાથ ધર્યા છે..

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં નગરપાલિકાઓને માર્ગ મરામત અને સુવિધાયુક્ત માર્ગો માટે ૮૧૦ કરોડ રૂપિયાથી વધારાની ગ્રાન્ટ ફાળવી છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ - ગુરૂપૂર્ણિમા

કચ્છભરમાં ગુરુપૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુરુવંદના, પાદુકા પૂજન, ભંડારા સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો રાત્રીના ધાર્મિક સ્થાનો પર સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય – વ્યાજખોરો સામે કાર્યવાહી

ગુજરાતમાં વ્યાજખોરો સામે કાર્યવાહી થઇ રહી છે. જેમાં સુરતમાં નોંધાયેલ વ્યાજખોરો સામે ગુનાઓમાં મૂડી પરત કરવામાં આવી છે, તેમ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.. સુરતમાં વ્યાજખોરો સામે પોલીસની કાર્યવાહી શરૂ થઇ છે. તેમાં સુરત પોલીસે 58 વ્યાજખોરો સામે ગુના નોંધ્યા છે. જેમાં પોલીસે કુલ 94 લોકોની ધરપકડ કરી છે. પીડિત લોકોને 1 કરોડથી વધુની મૂડી પરત કરી છે.

**RNU અમદાવાદ**

---

# મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 28મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો રજૂ કરવા આમંત્રણ આપ્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

28મી જુલાઇએ પ્રસારિત થનારો આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ